આઈઆઈટી ગાંધીનગર ખાતે ક્લાઈમેટ ચેન્જ પર સીએએન-૨૦૨૦ વર્કશોપ શ્રેણીનો પ્રારંભ

ક્લાઇમેટ ચેન્જ વિભાગના મુખ્ય સચિવ એસ.જે. હૈદરે આબોહવા પરિવર્તનના દુષ્પ્રભાવોના નિવારણ માટે સામૂહિક પગલા ભરવા હાકલ કરી

ગાંધીનગર, તા. ૧૨

આબોહવા પરિવર્તન પર એક મેગા વર્કશોપ શ્રેણી, ક્લાઈમેટ એક્શન નાઉ (સીએએન) ૨૦૨૦નું આજે ભારતીય પ્રૌદ્યોગિકી સંસ્થાન ગાંધીનગર (આઈઆઈટી ગાંધીનગર) ખાતે ગુજરાત સરકારના આબોહવા પરિવર્તન વિભાગ (સીસીડી)ના મુખ્ય સચિવ શ્રી એસ.જે. હૈદર (આઈ.એ.એસ.) દ્વારા ઉદઘાટન કરાયું હતું. આ કાર્યક્રમમાં આઈઆઈટી ગાંધીનગરના ડાયરેક્ટર પ્રો સુધીર જૈન સહિતના અન્ય પ્રતિષ્ઠિત મહેમાનો, શ્રી આર ડી કમ્બોજ, ડાયરેક્ટર, ગીર ફાઉન્ડેશન; પ્રો અમિત ગર્ગ, પ્રોફેસર, પબ્લિક સિસ્ટમ્સ ગ્રુપ, આઈઆઈએમ અમદાવાદ; અને પ્રોફેસર સી એન એન પાંડે, આઈઆઈટી ગાંધીનગર હાજર રહ્યા હતા.

આ કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે પોતાનું ઉદ્ઘાટન ભાષણ આપતાં શ્રી એસ જે હૈદરે આબોહવા પરિવર્તન ઘટાડવા માટે સામૂહિક પગલા ભરવા હાકલ કરી હતી. તેમણે કહ્યું કે, "આબોહવા પરિવર્તનની સંભાવનાઓ આપણા તરફ તાકી રહી છે અને તેથી આ સમસ્યાની ગંભીરતાને આપણે સમજીએ તે સમય પાકી ગયો છે. આબોહવા પરિવર્તનથી ઊભી થતી ચિંતાઓને ફક્ત સરકાર અથવા શિક્ષણવિદો દ્વારા જ નિવારી શકાતી નથી, પરંતુ સમાજના દરેક સભ્યો, પછી તે વ્યાવસાયિકો, ઉદ્યોગપતિઓ, અમલદારો, અથવા ગૃહિણીઓ હોય, આપણે બધાએ આપણી વ્યક્તિગત અને સામૂહિક ભૂમિકા નિભાવવાની છે. ઊર્જા બચત, પાણીની બચત, પ્રવાહી અને નક્કર કચરાનું વ્યવસ્થાપન, વરસાદી પાણીનો સંગ્રહ વગેરે જેવી સરળ બાબતો આબોહવા પરિવર્તનની અસરોને ઓછી કરવામાં મદદ કરી શકે છે."

આઈઆઈટી ગાંધીનગરની સંસ્કૃતિ અને નૈતિકતામાં ગૂંથાયેલા પ્રકૃતિ સંરક્ષણ માટેની વિવિધ પહેલ વિશે માહિતી આપતા, પ્રો સુધિર કે જૈને કહ્યું, "જ્યારે અમે આ કેમ્પસની રચના કરી ત્યારે એક ઉદ્દેશ્ય તેને એક પ્રકારની પ્રયોગશાળા બનાવવાનું હતું, જ્યાં નવી વસ્તુઓનો પ્રયોગ કરીએ, અમારી ભૂલોમાંથી શીખીએ અને આગળ વિકાસ કરીએ. આઈઆઈટી ગાંધીનગરે કેમ્પસમાં ૭૦ થી વધુ વૃક્ષોને સફળતાપૂર્વક ટ્રાન્સપ્લાન્ટ કર્યા હતા.

આ પ્રસંગે ગીર ફાઉન્ડેશનના ડાયરેક્ટર શ્રી આર ડી કમ્બોજે જણાવ્યું હતું કે, "આપણે બધા જાણીએ છીએ કે આબોહવામાં પરિવર્તન એ વાસ્તવિકતા છે અને તેનું પરિણામ દર વર્ષે જોવા મળે છે. આ આપણા ઈકોસિસ્ટમ અને જૈવવિવિધતા, કૃષિ ઉત્પાદન, જળ સુરક્ષા, કુદરતી સંસાધનો, દરિયાઈ માળખાકીય સુવિધાઓ તેમજ માનવ સ્વાસ્થ્યને અસર કરી રહ્યું છે.

પ્રોફેસર અમિત ગર્ગે આ વિષય પર પોતાના વિચારો વ્યક્ત કરતાં કહ્યું, "જ્યારે આપણે આબોહવા પરિવર્તન વિશે કામ કરવાની વાત કરી રહ્યા છીએ, ત્યારે આપણે બે બાબતો પર વિચાર કરવો જોઈએ - ૧) ક્રિયા શેના માટે; જે હેઠળ પ્રથમ અગ્રતા, પાણી, જંગલો, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, લોકો અને સંવેદનશીલ સમુદાયો માટે તમામ સ્તરે તમામ જીવસૃષ્ટિની વ્યવસ્થાને અનુકૂલન કરવાની હોવી જોઈએ. અને અનુકૂલન માટેની શ્રેષ્ઠ રીત ટકાઉ વિકાસ છે. ૨) ક્રિયા કોના દ્વારા; આપણે સમજવું પડશે કે કોઈ પણ આપણને બચાવવા આવશે નહીં અને તેથી તેની સાથે સુમેળ બનાવવા માટે આપણી નીતિઓ, ક્રિયાઓ અને દૈનિક વિકાસ લક્ષ્યોને ગોઠવીને આપણે તે જાતે કરવું પડશે."

ડાયરેક્ટ સે

'શબ્દોની કુહાડીથી કપાયેલું કોઈનું જીવન રૂપી વન ક્યારેય ફરીથી લીલુ થઇ શકતું જ નથી પછી ભલેને પસ્તાવાનાં આંસુનો ધોધમાર વરસાદ કેમ ન પડે, માટે દરેક શબ્દ વિચારીને જ બોલવો...'

જન્મદિને વધામણી

દુષ્યંતકુમાર શ્રીમાળી
સામાજિક અગ્રણી
મો. ૯૬૨૪૧ ૧૬૭૨૫

વિમલ શુક્લ
મો. ૭૦૧૬૬ ૧૦૫૬૦

રણછોડજી ધુડાજી ઠાકોર

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

બાપુ ગુજરાત નોલેજ વિલેજમાં 'ઈમ્પાવરીંગ વુમન : ઈન્સપાયારીંગ ચેન્જ' વિષય પર વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર-માણસા રોડ પર આવેલા બાપુ ગુજરાત નોલેજ વિલેજની સલગ્ન સંસ્થાઓ જેવી કે શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી, ફાર્મસી, લો , નર્સિંગ, સાયન્સ એન્ડ કોમર્સની ટીચિંગ- નોન ટીચિંગ વુમન ફેકલ્ટી અને વિદ્યાર્થીનીઓ માટે ગુજકોસ્ટની સહાયથી 'ઈમ્પાવરીંગ વુમન : ઈન્સપાયારીંગ ચેન્જ' વિષય પર એક દિવસીય વર્કશોપ તા. ૧૧-૦૨-૨૦૨૦ ના રોજ યોજાયો હતો.

આ વર્કશોપનો મુખ્ય હેતુ મહિલા સશક્તિકરણનું મહત્વ, મહિલાઓની વિવિધ સમસ્યાઓ અને નિરાકરણ વગેરે જેવા મુદ્દાઓની વિસ્તૃત ચર્ચા કરવાનો હતો. આ ઉપક્રમ મિસ. રુઝાન ખંબાતા અને ડૉ. ભારતી શર્માએ એક્સપર્ટ તરીકે હાજર રહી મહિલાઓની વિવિધ સિધ્ધિઓ, સમસ્યાઓ અને તેના નિરાકરણની વિગતવાર ચર્ચા કરી હતી. સમગ્ર કાર્યક્રમ દરમિયાન બાપુ ગુજરાત નોલેજ વિલેજની તમામ સલગ્ન સંસ્થોની વિદ્યાર્થીનીઓ અને ટીચિંગ-નોન ટીચિંગ સ્ટાફ ખુબજ બહોળા પ્રમાણમાં ઉપસ્થિત રહ્યા હતા.

આ ઉપરાંત કાર્યક્રમના અંત ભાગમાં સેવ ગર્લ્સ ચાઈલ્ડ , વુમન ઈમ્પવાર્મેન્ટ , ડીફાઈન મધર વગેરે વિષય પર ખુબ જ સુંદર રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન બાપુ જી.કે.વી. ડબલ્યુ. ડી.સી. ના ચેરમેન પ્રો. કિનલ પટેલ અને ડબલ્યુ. ડી.સી. ના મેમ્બર પ્રો.ચેતના મિશ્રા તથા સમગ્ર મહિલા સ્ટાફે આ સાથે મળીને કર્યું હતું.

અરીહંત ફાર્મસી કોલેજ દ્વાર રજીસ્ટર્ડ ફાર્માસિસ્ટ માટેના રીફ્રેશર કોર્ષનું આયોજન

ગાંધીનગર, તા. ૧૨

ગુજરાતની પ્રતિષ્ઠિત એવી અરીહંત સ્કૂલ ઓફ ફાર્મસી એન્ડ બાયોરીસર્ચ ઈન્સ્ટીટ્યુટમાં ગુજરાત રાજ્યની ફાર્મસી કાઉન્સીલ દ્વારા

સ્પોન્સર્ડ રજીસ્ટર્ડ ફાર્માસિસ્ટ માટેના રીફ્રેશરકોર્ષનું તારીખ ૮-૯ ફેબ્રુઆરી ૨૦૨૦ દરમિયાન આયોજન કરવામાં આવેલ. જેમાં ગુજરાત ભરમાંથી ૧૭૦ થી વધારે ફાર્માસિસ્ટે ભાગ લીધો હતો. આ કાર્યક્રમની શરૂઆતમાં ડૉક્ટર રાગિન શાહ (પ્રિન્સિપાલ, અરિહંત સ્કૂલ ઑફ ફાર્મસી) એ કોલેજ વિશે પરિચય કરાવ્યો હતો. ત્યારબાદ ચિફ ગેસ્ટ ડૉક્ટર એમ એમ પટેલે સહભાગીઓ ને મોટીવેટ કરી આવકાર્યા હતા અને ફાર્માસિસ્ટ નું મહત્વ સમજાવ્યુ હતું. કાર્યક્રમના પ્રથમ દિવસે પ્રથમ પહેલો લેકચર Mr અમિત પટેલ (રજિસ્ટર્ડ ઈન્ડિયન પેટન્ટ એજેન્ટ એન્ડ આસિસ્ટન્ટ પ્રોફેસર, IPR સેલ, જી ટી યુ) એ ઈન્ટેલેક્ટયુઅલ પ્રોપર્ટી રાઈટ્સ વિશે ખુબ સરસ માહિતી આપી હતી.ત્યારબાદ ડૉક્ટર. અમિત વ્યાસ (ડ્રગ ઈન્સ્પેક્ટર, ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન, અમદાવાદ) એ ડ્રગ એન્ડ કોસ્મેટિક્સ એક્ટ વિશે સહભાગિયોને માહિતગાર કરિયા હતા. ડૉક્ટર વૃંદા શાહે (અસોસિયેટ પ્રોફેસર, ફાર્માકોગ્નોસિ ડોપાર્ટમેન્ટ, અરિહંત સ્કૂલ ઑફ ફાર્મસી) હર્બલ ડ્રગ ઈન્ટરેક્શન અને રોજે રોજ વપરાતી વસ્તુને તમે કેવી રીતે ડ્રગ સાથેનું ઈન્ટરકશન અટકાવી શકાય તે વિશે માહિતી આપી હતી. અંતમાં ડૉક્ટર જયવધન પટેલએ (પ્રોફેસર એન્ડ પ્રિન્સીપલ, નૂતન ફાર્મસી કોલેજ, વિસનગર) પેશન્ટ કોઉન્સિલિંગ વેશે માહિતગાર કર્યા હતા. કાર્યક્રમના ના બીજા દિવસે મિસ્ટર ઘનશ્યામ પટેલે (આસિસ્ટન્ટ પ્રોફેસર, ફાર્માસ્યુટિકસ ડીપાર્ટમેન્ટ, અરિહંત સ્કૂલ ઑફ ફાર્મસી) રિસેન્ટ ટ્રેન્ડ્સ ઈન મેડિસિન એન્ડ નોવેલ ડ્રગ ડિલેવરી સિસ્ટમ વિશે માહિતી આપી હતી. ત્યારબાદ ડૉક્ટર શીતલ ભુટાણી એ (એસોસિએટ પ્રોફેસર, ફાર્માસ્યુટિકસ ડીપાર્ટમેન્ટ, નિરમા યુનિવર્સિટી) ફાર્માસિસ્ટની ભૂમિકા અને રેસનલ યુઝ ખુબજ સરસ રીતે સમજાવ્યુ હતું અને ત્યારબાદ ડૉક્ટર જીજ્ઞાશા દેરાસરી (આસિસ્ટન્ટ પ્રૉફેસર, ફાર્માસૂટિકલ કેમિસ્ટ્રી, અરિહંત સ્કૂલ ઑફ ફાર્મસી) એ મેડિકેશન એરર વિશે માહિતી આપી હતી. ત્યારબાદ સહભાગિયો ની પરીક્ષા લઈ એને પહેલો બીજો અને ત્રીજો ક્રમાંક આપી, ઈનામ આપી સન્માનિત કર્યા હતા. ત્યારબાદ કાર્યક્રમના કો -કોઓર્ડિન્ટર ક્રિષ્ના વાઘેલા (આસિસ્ટન્ટ પ્રૉફેસોર, ફાર્માકોલોજી ડીપાર્ટમેન્ટ, અરિહંત સ્કૂલ ઑફ ફાર્મસી) એ સમાપન નોંધ આપી હતી. એને કર્યેક્રમ ના કોઓર્ડિન્ટર ડૉક્ટર અદિતિ બારીયા (એચ ઓ ડી એન્ડ એસોસિએટ પ્રોફેસર, ફાર્માકોલોજી ડીપાર્ટમેન્ટ, અરિહંત સ્કૂલ ઑફ ફાર્મસી) એ આભાર વિધિ કરી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડોક્ટર દિવ્યકાંત પટેલ, કોર્ષ ડાયરેક્ટર અને ઈન્ચાર્જ પ્રિન્સિપાલે કર્યું હતું .

ફેકલ્ટી ઓફ એજયુકેશમાં ગ્રાહક સુરક્ષા વિશે વ્યાખ્યાન યોજાયું

ગાંધીનગર, તા. ૧૨

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ફેકલ્ટી ઓફ એજ્યુકેશનની એસ.એસ.પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન અને આર.એચ.પટેલ ઈંગ્લીશ મીડીયમ બી.એડ.કોલેજ સે.૨૩, ગાંધીનગરમાં તાલીમાર્થીઓ ગ્રાહક વિશેના હક્ક જાણે તે હેતુથી તારીખ:૧૧/૦૨/૨૦૨૦ ના રોજ ગ્રાહક સુરક્ષા વિશેના વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

બ્રહ્માની કૃપાહોલમાં યોજાયેલ આ કાર્યક્રમમાં મુખ્યમહેમાન તરીકે ઉપસ્થિત રહેલા કિશોરભાઈ દવેએ ગ્રાહક એટલે શું? વસ્તુ એટલે શું? ગ્રાહક સુરક્ષાના વિવિધ કાયદાઓ, વિવિધ કંપનીઓની પ્રોડક્ટમાં થતી છેતરપીંડી, ગ્રાહક સુરક્ષાનો કાયદો-૨૦૧૯ વગેરે વિશેની માહિતી આપી હતી, ત્યારબાદ વિદ્યાર્થીઓએ પણ ગ્રાહક સુરક્ષાને લગતા પ્રશ્નો પૂછ્યા હતા, કાર્યક્રમના અંતે પ્રા.શ્રી નરેન્દ્રભાઈ નાયીએ સંસ્થા પરિવારવતી ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો.

મહર્ષિ અત્રિ તપોવન ની બાળાઓ દ્વારા ચિલ્ડ્રન યુનિવર્સિટી નિમણુંક પત્ર એનાયત સમારોહમાં સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમ માં શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા હાજર રહ્યાં હતાં.

ખાણ મંત્રાલયની ૨૮મી અખિલ ભારતીય રમત-ગમત સ્પર્ધાનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૧૨

ભારત સરકારના ખાણ મંત્રાલય દ્વારા પોતાની દેશના વિવિધ પ્રાંતમાં આવેલી કચેરીઓના અધિકારી-કર્મચારી માટે વિવિધ રમત ગમત સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે ૨૮મી અખિલ ભારતીય રમત-ગમત સ્પર્ધાનું આયોજન ગાંધીનગરના સ્પોર્ટસ ઓથોરીટ ઓફ ઈન્ડિયા ખાતે કરવામાં આવ્યું છે.

ગાંધીનગર ખાતે આયોજીત આ સ્પર્ધા તા. ૧૨ થી ૧૪ ફેબ્રુઆરી, ૨૦૨૦ દરમ્યાન યોજાશે. જેમાં ખાણ મંત્રાલયના નાગપુર, ગુહાટી, રાંચી, રાયપુર, ગોવા, ઉદયપુર, ભુવનેશ્વર, દેહરાદૂન, બંગ્લોર, દિલ્હી, કોલકતા, અજમેર, જબલપુર અને હૈદરાબાદ પ્રાંતની ખાણ વિભાગની કચેરીઓની ટીમે ભાગ લીધો છે.

આજે તા. ૧૨મી ફેબ્રુઆરી, ૨૦૨૦ ના રોજ ખાણ અને ખનીજ વિભાગના કમિશનરશ્રી અને ગુજરાત ખનીજ વિકાસ નિગમ લિ.ના મેનેજીંગ ડિરેકટર શ્રી અરૂણકુમાર સોલંકીના હસ્તે ૨૮ મી રમત – ગમત સ્પર્ધાનો આરંભ કરવામાં આવ્યો હતો.

આ ત્રિદિવસીય રમત ગમત સ્પર્ધામાં ૧૦૦ મીટર રેસ, ૮૦ મીટર રેસ (દિવ્યાંગ), ૪૦૦ મીટર રેસ, ૧૦૦ ટ ૪ મીટર રિલે, ૧૫૦૦ મીટર રેસ, બે કિ.મી. પગપાળા, ડિસ્કસ થ્રો, શોટપુટ, જૈવલિન થ્રો, લોગ જમ્પ, ટેબલ ટેનિસ, બેડમિન્ટન, કેરમ, શતરંજ અને વોલીબોલ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ સમારંભના આરંભ પ્રસંગે ભારતીય ભૂવૈજ્ઞાનિક સર્વેક્ષણ, ગાંધીનગરના ઉપ મહાનિદેશક શ્રી એન.વી.નિતનવરે, ભારતીય ખાણ બ્યુરો, નાગપુરના ક્ષેત્રીય ખાણ નિયંત્રક શ્રી વાય.જી.કાલે, ૨૮મી ઓલ ઈન્ડિયા આઈબીએમ સ્પોર્ટસ મીટ, ગાંધીનગરના સચિવ શ્રી કેદારસિંહ યાદવ અને આઈ.બી.એમ મનોરંજન કલબના જનરલ સચિવ શ્રી અનિલ કાશપર સહિત મોટી સંખ્યામાં વિવિધ પ્રાંતની કચેરીના અધિકારી-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.